# પંદરમી ગુજરાત વિધાનસભા
# કામકાજ સલાહકાર સમિતિ
# ચૌદમો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો ચૌદમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૨૬ના રોજ સભાગૃહની પહેલી બેઠક પૂર્ણ થયા બાદ માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** મંગળવાર, તા.૨૪/૦૩/૨૦૨૬ના રોજ નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૬નું ગુજરાત વિનિયોગ વિધેયક.

(૨) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૨૬નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક.

(૩) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૨૬નું ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક.

**૨.** કામકાજ સલાહકાર સમિતિના બારમા અહેવાલમાં કરવામાં આવેલ ભલામણ મુજબ મંગળવાર, તા.૨૪/૦૩/૨૦૨૬ના રોજ હાથ ધરવામાં આવનાર સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૨૬નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક હવે, બુધવાર, તા.૨૫/૦૩/૨૦૨૬ના રોજ ચર્ચા માટે હાથ ધરવું અને તેની વિચારણા પૂરી કરવી.

**૩.** બુધવાર, તા.૨૫/૦૩/૨૦૨૬ના રોજ નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૨૬નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૬નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૬નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક.

(૪) સન ૨૦૨૬નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મુકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) વિધેયક.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તારીખઃ ૧૭મી માર્ચ, ૨૦૨૬**

**શંકરભાઇ ચૌધરી**
**પ્રમુખ,**
**કામકાજ સલાહકાર સમિતિ.**